૨૩ એપ્રિલ, ૨૦૨૨

પ્રતિ,
માનનીય રાજ્યપાલશ્રી,
ગુજરાત રાજ્ય,
રાજભવન, સેક્ટર-૨૦, ગાંધીનગર.

વિષય :- સૌહાર્દ-શાંતિ-સલામતી જાળવવાની જવાબદારી જેની છે તેઓ દ્વારા જ ઈતિહાસમાં સૌથી વિપરીત રીતે લોકોની લાગણીઓ ઉશ્કેરી, સાંપ્રદાયિક ધ્રુવીકરણની પરિસ્થિતિ ઉભી કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે ત્યારે રાજ્યમાં સૌહાર્દ-શાંતિ-સલામતી જળવાઈ રહે તે માટે અને સરકારી તંત્ર ગેરબંધારણીય રીતે વર્તવાનું અને પ્રજા માનસમાં ખોટી રીતે ભય કે ડર પેદા કરવાનું બંધ કરે તેવી કાર્યવાહી કરવા બાબત...

માનનીય રાજ્યપાલશ્રી,

જયભારત સહ જણાવવાનું કે, ગુજરાતની જનતા સમગ્ર દેશ અને વિશ્વમાં શાંતિપ્રિય પ્રજા તરીકે જાણીતી છે. ગુજરાતની ૬.૫ કરોડની જનતા શાંતિ અને સદ્‌ભાવનાથી રહેવા માંગે છે, પરંતુ વર્ષ ૨૦૧૪થી ભાજપ અને તેના સહયોગીઓ દેશ અને રાજ્યમાં સાંપ્રદાયિક પરિસ્થિતિ ઉભી કરવાનો સતત પ્રયત્ન કરતા રહ્યા છે અને રાજ્ય અને દેશના સૌહાર્દ અને સદ્‌ભાવનાના વાતાવરણને છિન્ન-ભિન્ન કરવાના પ્રયાસો કરી રહ્યા છે. ગુજરાતની શાંતિપ્રિય પ્રજામાં કોમી લાગણીઓ ભડકાવવાનું કૃત્ય ફક્ત ને ફક્ત રાજકીય લાભ મેળવવા માટે જ કરવામાં આવે છે. લોકોમાં એકતા-અખંડિતતા કાયમ રહે, પ્રેમ-ભાઈચારો બની રહે, રાજ્યમાં શાંતિ-સલામતી જળવાઈ રહે તે જોવાની જવાબદારી જે-તે સરકારની હોય છે, પરંતુ ઈતિહાસમાં સૌથી વિપરીત આજે જેમના માથે પ્રેમ-ભાઈચારો બનાવી રાખવાની અને શાંતિ-સલામતી જાળવવાની જવાબદારી છે તેઓ જ સમાજમાં ઉશ્કેરણી કરી, બુલડોઝરની રાજનીતિ કરી રહ્યા છે.

રાજ્યમાં વર્ષાન્તે વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે રાજ્યમાં તાજેતરમાં બનેલી કેટલીક ઘટનાઓને પગલે આપ મહામહીમને આ પ્રાર્થના કરવાની ફરજ પડી છે. આપ બંધારણીય હોદ્દાની પવિત્રતા જાળવીને, અત્યંત ઝડપથી યોગ્ય પગલાં લેવાય તેવા દિશા નિર્દેશો રાજ્ય સરકારને આપશો તેવી વિનંતી સહ જણાવવાનું કે, રાજ્યમાં જેમ-જેમ ચૂંટણીનો સમય નજીક આવતો જાય છે તેમ-તેમ જનમાનસમાં ઈરાદાપૂર્વક ભય અને વૈમનસ્યનું વાતાવરણ ફેલાવીને, પ્રજાને ભારતીય જનતા પક્ષ તરફ વાળવાનો સુનિયોજીત પ્રયાસ થઈ રહ્યો હોય એવું સ્પષ્ટ જણાય છે. ભાજપ અને તેના સહયોગીઓ દ્વારા પ્રજામાં જ્ઞાતિ-જાતિ અને કોમ-કોમ વચ્ચે ઝેર ફેલાવીને વૈમનસ્ય ફેલાવવાના પ્રયાસો વધુ વેગીલા બન્યા છે.

હકીકતમાં, કોરોના કાળ અને તેના પછી ઉભા થયેલા સંજોગોમાં સામાન્ય માનવી માટે તો જીવનનિર્વાહ કરવું પણ અત્યંત કપરું અને મુશ્કેલ બન્યું છે. આવી પરિસ્થિતિના સર્જન માટે જવાબદાર ભાજપ સરકાર પોતાની ઘોર નિષ્ફળતાઓ છુપાવવા અને પ્રજાનું ધ્યાન મૂળ અને મુખ્ય પ્રશ્નોથી બીજી તરફ દોરવા માટે વધુ એક વખત પ્રજાની કોમી લાગણીઓ ભડકાવીને ચૂંટણીમાં વિજય મેળવવાનો ભારતીય જનતા પક્ષનો રાબેતા મુજબનો પ્રયોગ સરકારી તંત્રની આડમાં થઈ રહ્યો છે, તે ગુજરાત રાજ્યનું દુર્ભાગ્ય છે.

સમાજમાં જ્ઞાતિ-જાતિ અને કોમ-કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવનારા તત્ત્વો ભારતીય જનતા પક્ષના આગેવાનો અને તેમના મળતિયાઓ જ છે, તેમને પકડવાનું પોલીસ માટે અશક્ય નથી, પરંતુ પોલીસ તંત્ર દ્વારા આવા તત્ત્વોને પકડીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાને બદલે તેમને છાવરીને તેમને રાજ્ય સરકારનું પીઠબળ છે તેવી પ્રતીતિ જનમાનસમાં ઉભી કરવામાં આવે છે.

રાજ્ય સરકાર અને ભાજપના સત્તાધીશો ઉત્તરપ્રદેશ સરકારથી પ્રભાવિત થઈ રાજ્યમાં મતોના ધ્રુવીકરણની રાજનીતિ કરવા યોગ્ય કાયદાકીય પ્રક્રિયા કર્યા વગર જ બુલડોઝરની રાજનીતિ કરે છે, હકીકતમાં તેઓ પૂજય મહાત્મા ગાંધીજીના આત્મા અને બંધારણ ઉપર બુલડોઝર ચલાવી રહ્યા છે. આવા કૃત્યો પાછળ પણ અમુક ચોક્કસ જૂથ કે વિચારસરણીને લક્ષ્યાંક બનાવીને રાજ્યમાં ભયનું વાતાવરણ ફેલાવી, જો પોતાની સલામતી ઈચ્છતા હો તો ભારતીય જનતા પક્ષની સાથે રહો, તેવું બતાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

શું ગુજરાતે કાયમી ધાર્મિક ધ્રુવીકરણની સ્થિતિમાં જ રહેવાનું છે ? રાજ્યમાં સત્તાધીશો સ્પષ્ટપણે ઈચ્છે છે કે ગુજરાતના નાગરિકો હવે એવું માનવા લાગે કે આવું વાતાવરણ તેમના શ્રેષ્ઠ હિતમાં છે. તે પછી પોષાક હોય, ભોજન હોય કે તહેવાર હોય, ગુજરાતીઓને ગુજરાતીઓ વિરુદ્ધ લડાવવાની કોશિશ કરવામાં આવી રહી છે અને વિસંવાદી તાકાતોને ખુલ્લેઆમ કે ખાનગીમાં દરેક રીતે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. રાજ્યના સરકારી તંત્રને એવી રીતે પરિભાષિત કરવાની કોશિષ કરવામાં આવી રહી છે કે જેનાથી પ્રજામાં પૂર્વગ્રહ, શત્રુતા અને વૈમનસ્યને ઉત્તેજન મળે. પ્રજામાં નફરત ફેલાવીને વિભાજન કરવાની પ્રવૃત્તિના કારણે રાજ્યની આર્થિક પ્રગતિને પણ ભારે મોટું નુકસાન થઈ રહ્યું છે.

નફરતનો વધતો જતો અવાજ, ખુલ્લેઆમ આક્રમણને ભડકાવવાની પ્રવૃત્તિના કારણે રાજ્યની વર્તમાન પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે. તહેવારોની સાથે મળીને ઉજવણી, વિભિન્ન ધર્મોના સમુદાયો વચ્ચે સારા પડોશી સંબંધો, રોજબરોજની જિંદગીમાં આસ્થા અને વિશ્વાસનો વ્યાપક સુમેળ એ હવે ભુતકાળના દિવસો બની ગયા છે. સંકુચિત રાજકીય લાભ માટે સમાજના મજબુત બિનસાંપ્રદાયિક પાયાને નબળો પાડવો તે ગુજરાતી પ્રજા તેમજ ગુજરાતના સર્વગ્રાહી અને સમન્વિત પાયાને નબળો કરવા સમાન છે.

ગુજરાતને કાયમી રીતે ઉન્માદની સ્થિતિમાં રાખવા સત્તારૂઢ લોકો દ્વારા બિનસાંપ્રદાયિક વિચારધારાને ખરાબ રીતે કચડી નાંખવાની કોશિશ કરવામાં આવી રહી છે. આવી કોશિષના ભાગરૂપે રાજકીય વિરોધીઓ અને કર્મશીલોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમની વિરુદ્ધ સંપૂર્ણ સરકારી મશીનરી-તાકાતને કામે લગાડવામાં આવે છે, વિરોધીઓને ધમકાવવામાં આવે છે અને તેમના અવાજને દબાવી દેવાની કોશિષ કરવામાં આવે છે. રાજ્યમાં અશાંતિનું વાતાવરણ ઉભું કરવાના ષડયંત્રના ભાગરૂપે રાજકીય લોકો અને રાજકારણ સાથે સંકળાયેલ

સંસ્થાઓ બેખોફ રીતે ભડકાઉ ભાષણો આપી રહ્યા છે. રેલીઓમાં લોકોની ધાર્મિક લાગણી દુભાવતા ગીતો વગાડવામાં આવે છે અને ઉશ્કેરણીજનક નારાઓ લગાવવામાં આવે છે, જેના કારણે કોમવાદી ઘટનાઓને અંજામ મળે છે. તંત્ર દ્વારા આવા તત્ત્વો સામે કોઈ પગલાં ન લેવાતા હોવાથી તોફાની તત્ત્વોને સરકારનું સીધું પીઠબળ છે અને આવી ઘટનાઓ માત્રને માત્ર રાજકીય લાભ મેળવવા માટે સરકારની શેહ પર જ થઈ રહી છે તેવી પ્રતીતિ પ્રજાને થાય છે. ભડકાઉ ભાષણો તથા સોશ્યલ મીડીયા થકી શાંતિ-સદ્ભાવનાનું વાતાવરણ ડહોળનાર તત્ત્વો સામે સરકાર દ્વારા સીધી ફરિયાદ દાખલ કરવી જોઈએ.

આજે સોશ્યલ મિડિયાનો ખાસ કરીને કોમી લાગણીઓ ઉશ્કેરવા અને ભ્રામક પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે છે. આજે રાજ્યમાં નફરત, કટ્ટરતા, અસહિષ્ણુતા અને અસત્યની કયામતે અજગરી ભરડો લીધો છે. જો આપણે અત્યારે તેને અટકાવીશું નહીં તો તે આપણાં સમાજને એવું નુકસાન પહોંચાડશે જે ક્યારેય ભરપાઈ થઈ શકશે નહીં. આવી પ્રવૃત્તિઓને ચાલુ રાખવાની મંજૂરી આપી શકીએ નહીં અને ચૂપચાપ ઉભા રહી, મૂકપ્રેક્ષક બનીને નિહાળી પણ શકીએ નહીં.

રાજ્યમાં સાંપ્રદાયિક પરિસ્થિતિ ઉભી કરવાનો પ્રયત્ન ભાજપ અને તેના સહયોગીઓ દ્વારા થઈ રહ્યો છે ત્યારે રાજ્યમાં એકતા-અખંડિતતા, પ્રેમ-ભાઈચારો, શાંતિ-સલામતી જળવાઈ રહે તે માટે આપ સત્વરે આપની બંધારણીય ભૂમિકા નિભાવી, જરૂરી દરમ્યાનગીરી કરી, રાજ્ય સરકારને યોગ્ય દિશા-નિર્દેશ આપી, (૧) રાજ્યમાં નફરત ફેલાવતાં અને રાજ્યની શાંતિ-સલામતીને છિન્ન-ભિન્ન કરનારા ષડયંત્રકારીઓને ધર્મ-જાતિના ભેદભાવ વગર તાત્કાલિક જેર કરી તેમની સામે પગલાં લેવા, (૨) ભડકાઉ ભાષણો તથા સોશ્યલ મીડીયા થકી શાંતિ-સદ્ભાવનાનું વાતાવરણ ડહોળનાર તત્ત્વો સામે સરકાર દ્વારા સીધી ફરિયાદ દાખલ કરવા, (૩) પોલીસ દ્વારા થતી નિષ્પક્ષ અને તટસ્થ કાર્યવાહીમાં થતો રાજકીય હસ્તક્ષેપ અટકાવવા તેમજ (૪) બુલડોઝર ક્રેઝ ધરાવતાં અમલદારો સામે શિક્ષાત્મક પગલાં લઈને ન્યાયિક પ્રક્રિયા અનુસાર કાર્યવાહી હાથ ધરવાના આદેશ કરવા નમ્ર વિનંતી છે.

રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષમાં જે રીતે સામાજિક આંદોલનો પાટીદાર આંદોલન, અનુસુચિત જાતિ (એસ.સી.), અનુસૂચિત જનજાતિ (એસ.ટી.), બક્ષીપંચ સહિતના સમાજના હક્ક-અધિકારની લડત લડે તો તેમના પર અત્યાચાર, બેફામ ત્રાસ જેવા વરવા દ્રશ્યો સમગ્ર રાજયના નાગરિકોએ જોયા છે. અનેક નિર્દોષ નાગરીકો અને સામાજિક યુવા આગેવાનો તેનો ભોગ બન્યા છે, જેલવાસ ભોગવ્યો છે. આંગણવાડી, આશાવર્કર, મધ્યાહ્ન ભોજન યોજના, મનરેગાના કર્મચારીઓ આર્થિક શોષણમાંથી મુક્તિ-પુરતું વેતન માટે અહિંસક લડત લડે કે પછી જૂની પેન્શન યોજના શરૂ કરવા માટે હજારો કર્મચારીઓ લડત આપે તો તેમને તમામ રીતે પરેશાન કરવામાં આવે, પોલીસ તંત્ર દમન કરે, ગેરબંધારણીય પગલાં ભરે તે સમગ્ર ગુજરાતના નાગરિકોને ચોંકાવી દીધા છે. તે જ રીતે રાજ્યમાં સરકારી નોકરીઓમાં વારંવાર ગેરરીતી, ભ્રષ્ટાચાર, પેપર ફૂટવાની સતત ઘટનાના પરિણામે લાખો યુવાનો ન્યાય માટે લડત લડે જેમ કે, તલાટી, બિનસચિવાલય, ક્લાર્ક, ટેટ-ટાટ, એલ.આર.ડી. સહિતના પરીક્ષાર્થીઓ પર સતત પોલીસ તંત્ર દ્વારા દમન ગુજારવાની ઘટનાઓ તેમજ તેમાં ગુજરાતની દીકરીઓના આંસુ લુછવાના કરૂણ દ્રશ્યો ગુજરાતના હજારો પરિવારોએ જોયા છે. સરકાર વિરુદ્ધ સત્ય હકીકતો રજુ કરનાર રાજકીય આગેવાનોની હત્યાઓ, પૂર્વ અધિકારીઓ હોય કે પછી થાનગઢ અને ઉનાના દલિત સમાજના આંદોલનોને કચડી નાખવા ભાજપના ઈશારે પોલીસતંત્રના બેરોકટોક અત્યાચાર ચિંતાજનક છે.

બરાબર સો વર્ષ પછી વર્ષ ૨૦૨૨ના એ જ દિવસે તા. ૨૧ એપ્રિલ ૨૦૨૨ને વહેલી પરોઢિયે ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણીની તદ્દન વાહિયાત કારણોસર ધરપકડ કરી ભાજપ સરકાર બ્રિટીશ રાજની યાદ તાજી કરવા માંગે છે. એક બાજુ સત્ય અને પ્રજાને પડખે રહેવાની વિચારસરણી અને નીતિ ધરાવતો કોંગ્રેસ પક્ષ અને બીજી બાજુ ગુજરાતની પ્રજાના અવાજને કચડી નાખવાનો ઈરાદો ધરાવતી પાર્ટી ભારતીય જનતા પક્ષ છે. ભારતીય જનતા પક્ષની જોહુકમીવાળી આવી નીતિને કોંગ્રેસ પક્ષ હંમેશની જેમ વખોડે છે. ભારતીય જનતા પક્ષની એક કાર્યપધ્ધતિ બની ગઈ છે કે જ્યાંથી પણ વિરોધનો સુર ઉઠે એને ત્યાં ને ત્યાં જ કચડી નાંખવો, દબાવી દેવો. વર્તમાન સત્તાધીશોને એ પણ ખ્યાલ નથી કે તેમની બુલડોઝરની નીતિથી ગાંધીભૂમી એવી ગુજરાતની પ્રજાના અવાજને કચડી શકાશે નહિ બલ્કે પ્રજાનો અવાજ વધુ બુલંદ બનીને ગાજશે.

અમે કોંગ્રેસ પક્ષના નેતાઓ આ સાથે અનુરોધ કરીએ છીએ કે સરકારી તંત્ર ગેરબંધારણીય રીતે વર્તવાનું અને પ્રજા માનસમાં ખોટી રીતે ભય કે ડર પેદા કરવાનું બંધ કરે તેવી કાર્યવાહી હાથ ધરવા આપના દ્વારા સરકારશ્રીને આદેશ કરો તેવી અમારી વિનંતી છે.

સહકારની અપેક્ષા સહ,

આપના સ્નેહાધીન,

ડો. રઘુ શર્મા, Ex. MP
ઈન્ચાર્જ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

સુખરામ રાઠવા,
વિરોધપક્ષના નેતા, ગુજરાત વિધાનસભા

ભરતસિંહ સોલંકી,
પુર્વ પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

સિધ્ધાર્થ પટેલ,
પુર્વ પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

શૈલેષ પરમાર,
ઉપનેતા, વિધાનસભા કોંગ્રેસ પક્ષ

ડો. સી. જે. ચાવડા,
દંડક, વિધાનસભા કોંગ્રેસ પક્ષ

ગ્યાસુદ્દીન શેખ
ધારાસભ્ય

ઈમરાન ખેડાવાલા
ધારાસભ્ય

મોહમ્મદ જાવીદ પીરઝાદા,
ધારાસભ્ય

નીશીત વ્યાસ,
ઉપપ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

દિપકભાઈ બાબરીયા

વઝીરખાન પઠાણ

ચિરાગ શેખ

ઈફતેખાર ચામની

ખાલીક લાલપુરી